હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગનો ભ્રષ્ટાચાર

સાબરકાંઠાના ૪ તાલુકામાં ૯ કરોડની ગ્રાન્ટની ખેરાત : અરવલ્લી જિલ્લામાં સારા કામ છતાં ડીંગો..!!

હિંમતનગર, તા. ૫

હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગના અધિક્ષક એન.વી. કોટવાલ દ્વારા સાબરકાંઠા જિલ્લાના ૪ તાલુકામાં અધધ રૂ. ૯ કરોડની ગ્રાન્ટની ખેરાત કરી છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં ગુણવત્તાયુક્ત કામો થયા હોવા છતાં ગ્રાન્ટ ફાળવણીમાં ડિંગો જેવી સ્થિતિ છે. સરપંચોએ અધિક્ષકની મનસ્વી કામગીરી સામે બાંયો ચઢાવી સરકારમાં રજૂઆત કરી છે.

છેલ્લા ૩ દિવસથી હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગ ચર્ચાના છોગાને છે. અધિક્ષકની વધતી મનમાની સામે અરવલ્લી જિલ્લાના કેટલાક સરપંચોએ મોરચો માંડ્યો છે. ગ્રાન્ટ ફાળવણીમાં બેધારી નીતિની ફરિયાદ રાજ્ય સરકાર સુધી પહોંચી છે. બહાર આવેલી વિગતો અનુસાર સાબરકાંઠામાં અધિક્ષક ઈજનેરને વધારે હેત હોય તે રીતે તાબાના તલોદ-હિંમતનગર, વડાલી-ખેડબ્રહ્મામાં રૂ. ૯ કરોડની ગ્રાન્ટની ખેરાત કરી અધિક્ષક ઈજનેર તથા તાબાના ઈજનેર રમેશ ડાફડાની જુગલબંધીની ચર્ચાઓએ સૌને વધુ ઉત્સુક કરી દીધા છે. આવાનારા દિવસોમાં અધિક્ષકની ગ્રાન્ટ ફાળવણીની બે ધારી નીતિ સામે ધનસુરા-બાયડ, મોડાસા-મેઘરજ વિસ્તારના સરપંચો ફરી વખત મુખ્યમંત્રીને રજૂઆત કરશે તેવું જાણવા મળેલ છે.

ઈજનેર તીન પત્તીમાં પકડાયા - તપાસ દબાવવા માતબર રકમ ખંખેર્યાની ચર્ચા

હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગના એક ઈનેજર તીન પત્તીમાં પકડાતાં સનસનાટી મચી હતી. પરંતુ તપાસ સક્ષમ અધિકારી પાસે પહોંચી ત્યારે અધિકારીએ તેલમાં પડેલી માખીનું તેલ કાઢી નાખે તે રીતે તપાસમાં બચાવ કરવા માટે માતબર રકમ ખંખેરી લીધાની ગરમાગરમ લોકચર્ચા શિયાળાના ફુલગુલાબી શિત પવનમાં ગરમી લાવી દીધી છે.

કોરોનાએ માથું ઉંચક્યુ

સાબરકાંઠા-અરવલ્લીના શૈક્ષણિક સંકુલોમાં ફરી કોરોનાનું જોખમ રાજ્યની કેટલીક શાળાઓના બાળકો કોરોનાની ઝપેટમાં આવ્યા

બાયડ, તા. ૫

રાજ્યમાં કોરોના સંક્રમણ ધીમુ પડતાં સોશ્યલ ડીસ્ટન્સ ભુલાયુ છે અને હવે ફરી કોરોના માથુ ઉંચકતો હોવાના આંકડા બહાર આવ્યા છે. ત્યારે સાબરકાંઠા-અરવલ્લીના શૈક્ષણિક સંકુલોમાં ફરી કોરોનાનું જોખમ ઉભુ થયુ છે. રાજ્યની કેટલીક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો કોરોના પોઝીટીવ આવતા શાળા સંચાલક-વાલીઓમાં ચિંતા પ્રસરી છે.

કોરોનાથી સાવધાની રાખવાની વારંવારની કેન્દ્ર સરકાર અને આરોગ્ય વિભાગની ચેતવણી છતાં પ્રજા લાપરવાહ જોવા મળી રહી છે. ઠેર ઠેર ભીડ, મેળાવડામાં સરકારી ગાઈડલાઈનનું ઉલ્લંઘન થઈ રહ્યુ છે. જ્યારે રાજ્યમાં પાછલા ૨ દિવસમાં કોરોનાના સંક્રમણમાં ઉછાળો નવરાત્રી પર્વ દરમ્યાન મહામારીને ગતિ આપે તેવી દહેશત છે. સાબરકાંઠા-અરવલ્લીના ૨૯૦૦ શૈક્ષણિક સંકુલોમાં ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓનું ઓફલાઈન શિક્ષણ શરૂ થયુ છે. પૂરતી તકેદારી અને એસ.ઓ.પી.નું પાલન થતુ હોવાથી હજુ સુધી એક પણ કોરોના સંક્રમિત વિદ્યાર્થી જણાયો નથી. પણ જિલ્લામાં કોરોના સંક્રમણની ફરી શરૂઆત થઈ રહી છે. તે જોતાં શૈક્ષણિક સંકુલોમાં કોરોનાનો પંજો ફરી પ્રસરે તેવી પુરેપુરી દહેશત છે. પ્રજાએ ઓક્ટોબ-નવેમ્બર મહીના દરમ્યાન સાવચેતી રાખશે તો કોરોનાના દૈત્યને જડમૂળથી ઉખેડવામાં સફળતા મળી શકે છે. પરંતુ વરસાદ થંભી ગયા પછી બજાર, માર્કેટ, મોલ, નાની-મોટી દુકાનોમાં જે રીતે મેળાવડો જોવા મળે છે તે જોતાં કોરોનાના આગમનને અટકાવવું અત્યારે અત્યંત મુશ્કેલ જણાઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લામાં ૩૦૦૦ શેરી ગરબાનું આયોજન

મોટા ભાગના શેરી ગરબાનું આયોજન સાદગીપૂર્ણ : ગાયકવૃન્દોના બદલે ડીજેના તાલે ગરબા

બાયડ, તા. ૫

રાજ્યમાં કોરોના સંક્રમણ ધ્યાને રાખી સરકાર દ્વારા માત્ર ૪૦૦ લોકોની ઉપસ્થિતિમાં શેરી ગરબાના આયોજનની છૂટ અપાતા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૩૦૦૦ થી વધુ સ્થળે શેરી ગરબાનું આયોજન કરાયુ છે.

દર વર્ષે રોશનીના જગાર, ગાયકવૃંદોની હાજરીથી નવરાત્રી મહોત્સવની ઉજવણી ભવ્ય જણાતી હતી તે કોરોનાના કારણે સાદગીનું રૂપ ધારણ કર્યુ છે. કેટલાક નવરાત્રી આયોજકોએ ઓછુ ફંડ મળતા ડી.જે.ના તાલે ગરબાનું આયોજન કર્યુ છે.

યુવાઓ નવરાત્રી પર્વની ચાતક નજરે રાહ જોઈને બેઠા છે. નવરાત્રીના આયોજન થઈ રહ્યા છે તેમાં સેરી ગરબા માટે છૂટછાટના પગલે ચણીયાચોળી સહીત જ્વેલરીની ખરીદીમાં રાતોરાત ઉછાળો જોવા મળ્યો.

જિલ્લાના શહેરી-તાલુકા મથક તેમજ ગ્રામ્યવિસ્તારોમાં સરકારની ગાઈડલાઈન મુજબ શેરી ગરબાના આયોજનને વેગવંતુ બનાવવામાં આવ્યુ છે. નવરાત્રી દરમ્યાન અનેક શેરી નવરાત્રી થર્મલ સ્ક્રેનીંગ અને સોશ્યલ ડીસ્ટન્સનો ફરજીયાત અમલ કરવામાં આવે છે. નવરાત્રી પર્વમાં જો કોરોના સંક્રમણ સંપૂર્ણ કાબુમાં રહે છે તો દિવાળી પર્વ ઉપરથી કોરોનાનું જોખમ જોજનો દૂર રહી શકે છે.

ખેડબ્રહ્મા અંબાજી મંદિરમાં નવરાત્રીનું આયોજન સતત બીજા વર્ષે મુલત્વી રહ્યુ

રાજ્યમાં સરકાર દ્વારા નવરાત્રી દરમ્યાન શેરી ગરબાની છૂટ આપવામાં આવી છે ત્યારે ખેડબ્રહ્મા અંબાજી મંદિરમાં કોરોના

સંક્રમણની દહેશતથી સતત બીજા વર્ષે નવરાત્રી ગરબાનું આયોજન મુલત્વી રખાયુ છે. મંદિર ગર્ભગૃહમાં નવરાત્રીના દિવસે શુભ મુહૂર્તમાં માતાજી ઘટ્ટ સ્થાપન કરાશે.

નવરાત્રી નજીક આવતાં ખેલૈયાઓ ઘેલમાં આવી ગયા છે પરંતુ ઉત્તર ગુજરાતના અંબાજી અને નાના અંબાજી તરીકે ઓળખાતા ખેડબ્રહ્મા અંબાજી મંદિરમાં આ વર્ષે નવરાત્રી દરમ્યાન ગરબાનું આયોજન મુલત્વી રાખવામાં આવ્યુ છે. ગત વર્ષે પણ કોરોના બેકાબુ થતાં ચાચરચોકમાં ગરબા મુલત્વી રહ્યા જેથી મા અંબાના ભક્તોની ચાચર ચોકમાં ગરબા રમવાની ઈચ્છા અધુરી હતી. આ વર્ષે પણ તકેદારાના ભાગરૂપ નવરાત્રીના ગરબા ખેડબ્રહ્મા અંબાજી મંદિરમાં મુલત્વી રહ્યા છે પરંતુ નવરાત્રી દરમ્યાન પૂજા-પાઠ રાબેતા મુજબ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરવામાં આવશે. નવરાત્રી પર્વ નજીકમાં છે તેથી અંબાજી મંદિરને સજ્જ કરવામાં આવ્યુ છે.

ભાજપાનું સેવા સમર્પણ અભિયાન

મોડાસામાં પ્રધાનમંત્રીના જીવનચરિત્ર વિશે સંવાદ યોજાયો નરેન્દ્ર મોદી દેશને વિશ્વગુરૂ બનાવશે : ડૉ. રાકેશ મહેતા

ભાજપાના સેવા અને સમર્પણ અભિયાનના ભાગરૂપે મંગળવારે મોડાસાની સી.જી. બુટાલા હાઈસ્કૂલમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જીવનચરિત્ર વિશે સંવાદ યોજાયો.

વક્તા, શાળાના પ્રિન્સિપાલ ડૉ. રાકેશભાઈ સી. મહેતાએ વડાપ્રધાનની બાલ્ય અવસ્થાથી અત્યાર સુધીના જીવનનો ચિતાર આપી ભુમિગત રાજનેતા આગામી વર્ષોમાં દેશને વિશ્વગુરૂ બનાવશે તેમ જણાવી મોડાસા સાથેના તેમના નાતાને પણ વર્તમાન પેઢીને જાણકારી આપી હતી.

અરવલ્લી મિડીયા ભાજપા સેલના સેવા-સમર્પણ અભિયાનના મુખ્ય કન્વિનર પ્રદેશ બક્ષીપંચ મોરચાના કારોબારી સભ્ય અને મોડાસાના જાણીતા પત્રકાર રાકેશભાઈ પટેલે 'સંવાદ' કાર્યક્રમનો હેતુ જણાવી તા. ૧૭ સપ્ટેમ્બર વડાપ્રધાનના જન્મ દિવસથી તેઓએ ગુજરાતમાં મુખ્યમંત્રી પદે બિરાજમાન થયા તે તા. ૭ ઓક્ટોબર સુધીના સમયગાળાને ગુજરાત ભાજપા સેવા-સમર્પણ અભિયાન તરીકે ઉજવી રહ્યુ છે તેમ જણાવી દરરોજ જિલ્લાના તમામ ૮ મંડલમાં સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે તેની વિગતો આપી હતી. ત્યારબાદ વક્તા ડૉ. આર.સી. મહેતાએ વડનગરના પનોતા પુત્રની જીંદગીની કપરી સફર, રાજકીય પ્રવેશ, મુખ્યમંત્રી અને ત્યારબાદ વડાપ્રધાન તરીકેની તેમની આગવી કાર્યશૈલીને સંવાદમાં વણી લીધી હતી. ઉપસ્થિત છાત્રો પણ દેશની મહાન વડાપ્રધાનની કપરી સફર સાંભળી સંઘર્ષ વગર જીવન પૌલાદી ન બની શકે તેનો ગુરૂમંત્ર મેળવ્યો હતો. કાર્યક્રમમાં જગદીશ પટેલ (પત્રકાર) સહીત અનેક આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

મહિસાગર જિલ્લામાં તાલુકા પંચાયત ચૂંટણી

મહીસાગર જિલ્લામાં વિવિધ ખાલી પડેલ તાલુકા પંચાયત તેમજ નગર પાલિકાની બેઠકોના પરિણામ જાહેર થયા છે. જેમાં લુણાવાડા નગર પાલિકાના ત્રણ વોર્ડમાંથી ૨ વોર્ડમાં ભાજપ તો ૧ વોર્ડમાં કોંગ્રેસની જીત થઈ છે. તેમજ લુણાવાડા તાલુકા પંચાયતની ખેમપુર બેઠક પર ભાજપની જીત થઈ છે. બાલાસિનોર તાલુકાની પાડવા બેઠક પર ભાજપની જીત થઈ છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વન્યજીવ સપ્તાહની ઉજવણી

સાબરકાંઠામાં એક વર્ષમાં ૭ વન્યજીવનાં મોત!! : વન્યજીવ પ્રત્યે જાગૃતતા માટે હોર્ડીંગ્સ ચિપકાવ્યા

બાયડ, તા. ૫

રાજ્યમાં તા. ૨ ઓક્ટોબરથી વન્યજીવ સપ્તાહની

ઉજવણી શરૂ થઈ છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વન્યજીવોની મોટી સંખ્યામાં હાજરી જોવા મળે છે. ત્યારે સાબરકાંઠા વનવિભાગ દ્વારા વન્યજીવ પ્રત્યે પ્રજામાં જાગૃતતા આવે તે માટે ઠેક ઠેકાણે હોર્ડીંગ્સ લગાવ્યા છે. સાબરકાંઠામાં પાછલા ૧ વર્ષમાં અકસ્માત, વિજકરંટ તેમજ અન્ય કારણોસર ૭ વન્યજીવના મોત નિપજ્યા છે.

રાજ્યના અનેક વન વિસ્તારોમાં વસવાટ કરતા વન્યજીવને ખોરાક અને અસ્થિત્વ માટે સંઘર્ષ કરતા જોવા મળ્યા. સાબરકાંઠા-અરવલ્લીના જંગલ વિસ્તારમાંથી દિપડા, રીંછ સહીતના અનેક વન્યપ્રાણી માનવ વસાહત સુધી આવી જાય છે. કેટલાક સ્થળે વન્યજીવોએ

આક્રમક બની લોકો ઉપર હૂમલા પણ કર્યા છે. ત્યારે રાજ્ય સરકાર અને વન વિભાગ દ્વારા તા. ૨ થી ૮ ઓક્ટોબર દરમ્યાન વન્યજીવ સપ્તાહની ઉજવણી શરૂ કરી છે. સાબરકાંઠા વન વિભાગ દ્વારા વન્યજીવોના રક્ષણ માટે પ્રજા જાગૃત બની સહયોગ કરે તે માટે કેટલાક વિસ્તારોમાં બેનર લગાવવામાં આવ્યા છે. સાબરકાંઠા વન વિભાગનું માનીએ તો પાછલા એક વર્ષમાં ૭ વન્ય પ્રાણીઓના મોત નિપજ્યા છે જેમાં ઝરખ, મગર, ગોરખોદીયુ અને ૪ મોરના મોત નિપજ્યા હતા. આવાનારા દિવસોમાં વન્યજીવોનું અસ્તિત્વ ટકાવવા માટે જન જાગૃતતા જ મોટુ હથીયાર છે. અત્યારે જંગલ વિસ્તારોમાં વાહનો-લોકો-પ્રવાસીઓની અવરજવર વધતાં વન્યજીવ માનવ વસ્તી તરફ દોટ લગાવતા યેનકેન પ્રકારે અકસ્માતનો ભોગ બની મોતને ભેટી રહ્યા છે.

શામળાજી પોલીસે ફલાવરની આડમાં ૩.૫૫ લાખનો દારૂ ઝડપ્યો

ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી હોવા છતાં સરકારની દારૂ પાબંદીની પોકળ વાતો વચ્ચે ખુલ્લેઆમ દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. અરવલ્લી જીલ્લાના માર્ગો પરથી અવનવા પ્રકારે વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવે છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી રાજસ્થાન તરફથી પીકઅપ ડાલામાં ફુલાવરની આડમાં ઘુસાડાતો ૩.૫૫ લાખનો દારૂ ઝડપી પાડી દારુની ખેપ નિષ્ફળ બનાવી પીકઅપ ડાલાના ચાલકને ઝડપી લીધો હતો.

શામળાજી પીએસઆઇ આશિષ પટેલ અને તેમની ટીમે અણસોલ ગામની સીમમાં વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રતનપુર ચેકપોસ્ટ બાજુથી પીકઅપ ડાલામાં શાકભાજીની આડમાં વિદેશી દારૂ ભરી આવી આવતા પીકઅપ ડાલાનાને અટકાવી પીકઅપ ડાલાની તલાસી લેતા ફુલાવરની પ્લાસ્ટીક થેલીઓની આડમાં સંતાડેલ વિદેશી દારૂની પેટી નંગ-૯૭ ૩૫૫૪૪૦/-નો જથ્થો જપ્ત કરી પીકઅપ ડાલાની ૪ લાખ મળી ૫૫૫૪૪૦/- લાખનો મુદ્દામાલ જપ્ત કરી પીકઅપ ડાલાના ચાલક રાજસ્થાનના પ્રકાશ ગોપીલાલજી માળીને દબોચી લઇ વિદેશી દારૂ ભરી આપનાર દેવગઢના બુટલેગર શીવલાલ પન્નાલાલ માળી વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

અરવલ્લી : પેટા ચૂંટણીમાં જિલ્લા, તાલુકા અને પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો

ઉબસલ બેઠક પર ઝાડુ ફરી વળ્યું, આપની ભવ્ય જીત

સતત મોંઘવારી વચ્ચે અરવલ્લી જીલ્લાના પ્રજાજનોનો ભાજપ પરનો આત્મવિશ્વાસ અકબંધ રહ્યો છે બીજીબાજુ કોંગ્રેસના સૂપડા સાફ થતા લોકોએ કોંગ્રેસને જાકારો આપ્યો હતો જો કે ભિલોડા તાલુકામાં આમ આદમી પાર્ટીએ બાજી મારતા આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ માટે કપરા ચડાણ સાબીત થઇ શકે છે.

અરવલ્લી જિલ્લામાં યોજાયેલી પેટા ચૂંટણીમાં જિલ્લા પંચાયતની એક બાયડ તાલુકા પંચાયત અને મોડાસા પાલિકા વોર્ડ.નં-૨માં ભાજપનો ભગવો લહેરાયો હતો ભિલોડા તાલુકા પંચાયતની ઉબસલ બેઠક પર ભાજપ-કોંગ્રેસ પર ઝાડુ ફરી વળતા આમ આદમી પાર્ટીના યુવા નેતાની ભવ્ય જીત થઈ છે ભાજપે ત્રણ બેઠકો જંગી બહુમતિથી જીતી લેતા જિલ્લા ભાજપના પ્રમુખ રાજેન્દ્ર પટેલે તમામ કાર્યકરો અને મતદારોનો આભાર માન્યો હતો વધુ એકવાર ભાજપ શાસન ઉપર મક્કમ ભરોસો કરી તમામ ખાલી પડેલી બેઠકો ફરી ભાજપને અપાવવા બદલ એમણે પ્રજાજનો,કાર્યકરો અને વ્હાલા મતદારોનો આભાર લેવલ સુધીના કાર્યકરોની

માન્યો છે.સૌ કોઈ જે તે તાલુકા સંગઠન, જિલ્લા ટિમ અને બુથ મહેનત રંગ લાવી છે એમ રાજેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

કઈ બેઠક પર કોણ વિજેતા બન્યું

ભિલોડા તાલુકાની જિલ્લા પંચાયત નાંદોજ બેઠક પર ૭૫૪૯ જંગી મતો ની લીડ સાથે ભાજપના નિલાબેન મોડીયાનો ભવ્ય વિજય

નાંદોજ જીલ્લા પંચાયત બેઠક પેટા ચુંટણી નું પરીણામ :
નીલાબેન હસમુખભાઈ મડીયા જંગી બહુમતીથી વિજય
૭૫૪૯ ની લીડ
ભાજપ - ૧૦૪૭૭ કુલ મત મળ્યા
જીતેન્દ્રકુમાર નાનજીભાઈ બરંડા
આપ - ૧૫૪૧ મત
સંજયકુમાર કાવજીભાઈ ફનાત
કોંગ્રેસ - ૨૯૨૮

મોડાસા નગર પાલિકાની અને બાયડ હઠીપુરાની ભાજપની બેઠકો અકબંધ રહી, ભિલોડાના ઉબસલમાં આમ આદમી પાર્ટી વિજેતા

૧. બાયડની હઠીપુરા તા.પં બેઠકમાં ભાજપના ઉમેદવાર રણછોડસિંહ સોલંકીની ૨૩૬૭ મતથી જીત્યા
૨. મોડાસા નગરપાલિકાના વોર્ડ-૦૨માં ભાજપના અર્જુન રાઠોડની ૧૫૮૫ મતથી જીત્યા..
૩. ભિલોડાની ઉબસલ તા.પં બેઠક પર આમ આદમી પાર્ટીના રૂપસિંહ ભગોરા ૧૦૧૫ મતે જીત્યા,કોંગ્રેસને ૮૩૮ અને ભાજપને ૧૨૨૯ મત મળ્યા આ બેઠક અગાઉ અપક્ષ પાસે હતી

અરવલ્લીના મેઘરજની પી.સી.એન.હાઈસ્કૂલ ખાતે મેગા લીગલ સર્વિસ કેમ્પનું આયોજન

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, અરવલ્લી ધ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકારના "આઝાદી કા અમૃત મહોત્સવ" ના ભાગરૂપે તા.૨ ઓક્ટોબર થી ૧૪ નવેમ્બર ૨૦૨૧ના સમયગાળા દરમ્યાન કાનૂની શિક્ષણ શિબિરો યોજાવાની શરૂઆત થઈ છે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લા કાનૂની સહાય સત્તા મંડળ, ધ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ" ના ઉજવણીના સંદર્ભે ૫ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ અરવલ્લી જીલ્લાના મેઘરજની પી.સી.એન.હાઈસ્કૂલ ખાતે મેગા લીગલ સર્વિસ કેમ્પનું આયોજન કરાયું. જેમાં સરકારશ્રીની વિવિધ વિભાગોની યોજનાઓ વિશે માહિતી આપવા માટે કુલ ૧૨ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં પંચાયત વિભાગ, આરોગ્ય વિભાગ, યુ.જી.વી.સી.એલ. જેવી વિવિધ કચેરીના સ્ટોલનો સમાવેશ થાય છે. જેમાં મામલતદાર કચેરી દ્વારા સ્ટોલમાંથી ૨ લાભાર્થીઓને આવકનો દાખલો, ૨ લાભાર્થીઓને ડોમેસાઈલ સર્ટીફીકેટ, ૧૦૯ લાભાર્થીઓને ગંગા સહાયના ઓર્ડર તથા ૫૨ લાભાર્થીઓને વૃદ્ધ નિરાધાર સહાયના ઓર્ડર વિતરણ કરાયા.

આ કેમ્પમાં ૧૧૦ જેટલા લોકોને કાનૂની સહાય તથા ૧૨૦ જેટલા લોકોને સરકારશ્રીની જુદી-જુદી યોજનાઓના ફોર્મ વિતરણ કરાયા. તેમજ આ કાર્યક્રમમાં હાજર રહેલા લોકોને નાલ્સાની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી હતી. આ કેમ્પમાં ૩૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં તાલુકા કાનૂની સેવા સમિતિ, મેઘરજના ચેરમેનશ્રી, મામલતદારશ્રી, મેઘરજ તેમજ અન્ય અધિકારીશ્રીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.